ૐ

ઈશ્વર સ્તુતિ.

લલીત છંદ.

પ્રભુ પદે અમે પાય લાગીએ, દુઃષિત કર્મની માફી માગીએ,
પતિત પાવની પ્રેમ લાવશો, અનિતિ દુષ્ટ કર્મથી બચાવશો;
સુભ ગુણો સદા નાથ આપશો, મન મલિનતા કાપી નાખશો,
શુણી તમે પ્રભુ નમ્ર વિનતી, શરણ રાખશોરે દયાનીધિ.
પ્રભુ મનોરથો માગીએ હમો, ઘટીત જે હશે પુરશો તમો,
નવ વિસારશો દાસને કદા, સુનિતિ મનમતિ આપશો સદા;

રાજગીત.

ધન્ય ધન્ય ધન્ય આજ, દિવસ રૂડો કહાવો,
શ્રીસરકાર નવાબ સાહેબને, પુષ્પથી વધાવો.
શાળા સ્થાપી સકળ સ્થળે, પ્રજાહિત કાજે,
એ સરકાર નવાબ સાહેબનું, દિર્ઘ આયુષ થાજે.

દોહરો.

પરમેશ્વરને પ્રણમીને માંગુ વારંવાર,
નવાબ બહાદુર ભૂપનો, થાજો જયજયકાર.
સચીન સ્ટેટના અધિપતિ બહાદુરને બળવંત,
જશ કીર્તન કોડે કરૂ ઉરધરી હરખ અનંત.
ન્યાયી નિપુણ સરદાર અમારા ન્યાયી નિપુણ સરદાર,
સચીન તણા દરબાર અમારા ન્યાયી નિપુણ સરદાર.
નવાબ સાહેબ પ્રજા પ્રેમીછો ન્યાયી નરવર પૂર,
રાજ્ય લગામ ધરી છે હાથે આફતાબ સમ નૂર–અમારા.
અમો બાળાઓ સચીન સ્ટેટની વતની ભીમપુર ગામ,
રાજ્ય આપનામાં રહીવસીને વિદ્યા ભણીએ તમામ–અમારા.
કેળવણીની શુ ખીલવણી દિન દિન વધતી જાય,
દશ વરસના રાજ્ય અમલમાં આનંદ અપરમ્પાર–અમારા.

ગાયન.

જગમાં મોટા તેને જન સમાજે જાણવારે;
જાણવારે સહી પરમાણવારે, જગમાં. ૧
પરહિત કાજે પ્રાણજ આપે, પરદુઃખે જે તપનાં તાપે (૨)
સૃષ્ટિ માંહે શ્રેષ્ટ કરીને, સ્થાપવારે–જગમાં. ૨
દેશ પ્રતિ જે દાઝજ રાખે, દયાદાન ને દિનતા દાખે, (૨)
સમજે શાણા ભ્રાતૃભાવ વધારવારે–જગમાં. ૩
સત્ય સંપ ને સમતા રાખી, અભિમાનને અળગો નાંખી (૨)
ન્યુનાધિકમાં પ્રેમે પ્રિતી લગાડવારે–જગમાં. ૪
વિદ્યા ઉપર વહાલ ધરે છે, તન મન ધન અર્પણ કરે છે, (૨)
કહે છે પ્રભુ રંક બાળકને, સુધારવારે–જગમાં. ૫

ગઝલ.

અરે ઓ લક્ષ્મીનાં લોભી, ખરો શું ધર્મ તારો છે,
સરે કાંઇ વ્યાર્થ બીજાનો, ધનીએ ધર્મ તારો છે.

કમાણી આપની ખરચો, પરાઇ આપદા ટાળવા,
દુઃખીનાં દુઃખને દેખી, કરો મન દાન વાપરવા. અરે ઓ.

મુસાફર મંદિરો જુનાં, સુધારો પ્રેમ આણીને,
દવા દો દર્દીને દેખી, ખરો એ ધર્મ જાણીને. અરે ઓ.

નથી જે ગામમાં વારી, નવાણો નીર ગાળો,
નથી જ્યાં ચીજ વ્યાપારી, સ્થાપો યંત્ર શાળાઓ. અરે ઓ.

જઇને દેશ પરદેશે, નવા કાંઇ હુન્નરો લાવો,
હજારો લોકની રોજી, ખોલે તે માર્ગ બતલાવો. અરે ઓ.

લઈ લાડી અને ગાડી, અહા વાડી વિશે ફરવું,
અમોને શોખ છે પ્યારો, નથી કાંઇ અન્ય આચરવું. અરે ઓ.

અરે આ શું વદો વાણી, ખુવારી થાય છે જેથી,
લુંટાવો આપની દોલત, કહો કાંઇ ફાયદો જેથી. અરે ઓ.

હજુ કાંઈ ચેતજો પ્યારા, નકામા એ વિચારો છે,
થશે ખુવારી પૂરી ધનની, કહે સૌ જન બિચારો છે. અરે ઓ.

પછી નાણું જપત થાશે, અગર ચોરો હરી જાશે,
અર્ધું રાંડોમાં જાશે, પુરૂં તે અગ્નીમાં થાશે. અરે ઓ.

રૂડા કોઇ માર્ગને સાંધો, સુધારો ધર્મનો કરવા,
કહે મોહન મનોવૃત્તિ, ચલાવો દેશ સુધારવા. અરે ઓ.

ભીમપોરમાં સ્થાપેલી નવી કન્યાશાળા ખુલ્લી મુકવાની થનારી ક્રીયા પ્રસંગે આગેવાનોને વિજ્ઞપ્તી.

(૧) પ્રિય બંધુઓ ઈશ્વરે હરેક સ્ત્રીને જન્મથીજ સારી બુધ્ધિ આપેલી છે, પણ તેને યોગ્ય કેળવણી આપી ખીલવવી તેનું નામ કેળવણી છે. સંસારમાં જનસમુહને કેળવણીની જરૂર છે કેળવણી પામેલા પુરૂષ જેમ હુન્નર ઉદ્યોગાદીક તથા વહેવારીક કામમાં ઉત્તમ નીવડે છે. તેમ સ્ત્રી જાતીને કેળવવાથી ગૃહસંસારના કામો સારી રીતે થઈ શકે છે. પ્રથમ છોકરાંને કેળવવાં એ સ્ત્રીનું મુખ્ય કામ છે, બાળકો નાનપણમાં પોતાની માતા પાસે વધારે વખત રહે છે. જેવી રીતે કુંમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે છે તેવીજ રીતે બાળકને શીખવનાર પોતાની માતાજ છે. સ્કુલોમાં વિશેષ બુધ્ધિની કેળવણી અપાય છે પણ માતાઓ ધાર્મીક અને નીતિની કેળવણી સારી આપી શકે છે.

(૨) કેટલાક જુના વિચારનાં માણસો કહે છે કે છોકરીઓ ભણીને કયાં નોકરી કરવા જવું છે. તો એવા માણસને એટલુંજ કહેવા માગું છું કે ભણવું તે કાંઇ નોકરી કરવાને માટેજ ભણવું એમ નથી પણ ઘરમાં જોઇતો અને યોગ્ય ખર્ચ કરી હિસાબ રાખવો એ કરકસરનું મુખ્ય સાધન છે કહેવત છે કે " કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય " વળી કહે છે કે ત્રવેડ ત્રીજો ભાઇ છે.

(૩) અભણ સ્ત્રીઓ પોતાના સ્વામિ પ્રત્યે પોતાની શું ફરજ છે, છોકરાંની માવજત કેમ રાખવી, સાસુ, સસરો, જેઠ વિગેરે વડિલો પ્રત્યે કેવી રીતે વર્તવું તેનું ભાન નથી વળી પોતાનાં સ્વામિની શું કમાણી છે અને કેટલો ખર્ચ કરવો તે સમજી શકતી નથી. જેથી ઉડાઉ ખર્ચ વધતો જાય છે અને આખરે રંક સ્થિતિએ પહોંચે છે.

(૪) જે સ્ત્રી કેળવાયલી હોય તેનાં છોકરાં પણ નાનપણ-થીજ કેળવણીના સંબંધમાં જોડાયલાં હોવાથી સારાં નિવડે છે પુરૂષ ભણેલો હોય અને સ્ત્રી અભણ હોય તો પણ એક જાતનું કજોડુજ સમજવું કારણ કે સ્ત્રી અભણ હોવાથી સાર અસાર સમજી શકતી નથી અને કાંઈક વહેમ અને કુરૂઢીને વળગી રહે છે. જેથી હરેક કામમાં પુરૂષને આડે આવે છે પુરૂષ ગમે એવો ભણેલો હોય પણ જ્યાં બેનું કામ હોય ત્યાં એકથી થવું મુશ્કેલ છે પુરૂષ ઘરનો રાજા છે અને સ્ત્રી પ્રધાન છે તો રાજા અને પ્રધા-નનો એકમત થાય ત્યારેજ સહેલાઇથી કાર્ય કરી શકાય છે. સ્ત્રીને આપણાં ધર્મમાં અર્ધાંગના કહેલી છે તો જ્યારે અર્ધું અંગ સારૂ હોય અને અર્ધું ખોડ ખાપણવાળુ હોય તો તે શો-ભાયમાન દેખાતું નથી તેજ પ્રમાણે સ્ત્રી અભણ અને પુરૂષ ભણેલાનું સમજવું.

(૫) અભણ સ્ત્રીઓ બે ચાર એકઠી થાય તો પરનિંદા કે અજ્ઞાનતાની વાતોમાં વખત ગુમાવે છે. (ભણેલી) કેળવણી પામેલી સ્ત્રી તેમ નહિ કરતાં પોતાના ઘરનું યોગ્ય કામ થઈ રહ્યા બાદ સારી નિતિની તથા ધર્મ સંબંધી પુસ્તકો વાંચી જ્ઞાન સંપાદન કરશે. અભણ સ્ત્રીઓ પોતાના ઘરની અંદર ચાકરની પેઠે વૈતરૂં કરી જાણે છે. ઘરમાં કેવી ગોઠવણ (તજવીજો) કરવી તે સમજી શકતિ નથી તેથીજ પુરૂષને પોતાના ઘરની તથા ધંધાની તથા બહારના સઘળાં કામોની ફીકર રાખવી પડે છે ને જો કેળ-વાયલી સ્ત્રીઓ ઘરમાં હોય તો પોત પોતાના પતિને સહાયતા આપે છે. અને સંકટ (દુઃખ) સમયે દીલાસો આપે છે. ગૃહસ્થા-શ્રમમાં પુરૂષનું કામ બહાર દેશાટન કરી ઉદ્યોગ (કોઇ પણ જાતની નોકરી કરી) પૈસા મેળવવા અને ઘર લાવવા એ પુરૂષની ફરજ છે. અને સ્ત્રીઓએ તેની જોઈતી યોગ્ય તજવીજોથી વ્યવસ્થા કરવી એજ સ્ત્રીઓનો ધર્મ છે.

(૬) કેળવણીમાં આપણા લોકોનો અતિશય અભાવ છે. જ્ઞાતિ માંહી અજ્ઞાન સ્ત્રીઓએજ આપણાં સંસારીક આનંદમા અગ્ની સળગાવી દીધો છે, તથા સંસારીક જીવનને પણ દુઃખના દરિયા સમાન બનાવી દીધો છે. અવશ્ય ધાર્મિક અને નૈતિક કેળવણી શીવાય આપણી કોમની સ્ત્રી સમાજની દશા સુધરે એમ નથી માટે એવા પ્રકારની કેળવણીની ખાશ જરૂર છે.

(૭) જે દેશમાં સ્ત્રીઓ કેળવણી પામેલ નથી. તે દેશ સુધરેલો કહેવાશે નહિ પ્રાચીનકાળમાં આપણા દેશમાં સ્ત્રીઓને સારી કેળવણી અપાતી હતી. જેવી કે "સીતા" "કુન્તા" "દ્રોપદી" "દમયંતી" ઇત્યાદિના દાખલા આપણા વાંચવામાં આવેલ છે. અને ચાલુ સમયમાં નામદાર અંગ્રેજ સરકારે ઠામઠામ શાળાઓ સ્થાપી છે, અને તેનો દરેક જણ લાભ લે છે. આપણી દયાળુ સરકાર નવાબ સાહેબ બહાદુરે દરેક ગામે મફત કેળવણી શાળાઓ સ્થાપિ છે તેમાં આપણા છોકરા છોકરીઓને જરૂર ભણવા મોકલવો જોઇએ. એજ આપણો ખરો ધર્મ છે. **કેમકે ભવિષ્યની માતાઓ એજ છે જેથી દેશની ઉન્નતિનો આધાર એમના ઉપર છે.**

(૮) સર્વેત્ર ગામના સદગૃહસ્થોને વિનંતી છે કે તમો કેટલાક કંન્ટ્રાકટરો અને કેટલાક ખેડુતો છો અને વળી સારી હાલતમાં છો, તો શા માટે સ્ત્રી કેળવણીમાં બનતી મદદ નથી કરતા; બધિ જ્ઞાતિ તરફ નજર કરો અને વિચારો કે તમારી જ્ઞાતિની સ્ત્રીઓને કયાં સુધી અજ્ઞાન રૂપી અંધારામાં રાખશો અને થોડાં વર્ષમાં બીજી જ્ઞાતિની સ્ત્રીઓ કેટલી જાગૃતિમાં આવી છે અને આવશે તે જોઈ પાછળથી પસ્તાશો માટે રંક બાળકો તરફ હાથ લંબાવી તેને વિદ્યાનું દાન આપી તથા હુન્નર, ઉદ્યોગની કેળવણી આપી શાંત પાડો અને જ્ઞાતિમાં વિદ્યાની ઇચ્છા

વાલાઓ માટે આશ્રમ સ્થાપવા માટે મદદત કરો અને જ્ઞાતિનું કલ્યાણ કરી પોતાનું કલ્યાણ કરો એવી હમારી ખાશ ભલામણ છે.

(૯) પ્રિયબન્ધુઓ અને સદ્‌ગૃહસ્થો આપણી અજ્ઞાતાને લીધે કેળવણીના ફાયદા ન સમજી શકવાથી આપણી કોમ કેળ-ણીમાં ઘણીજ પાછળ પડેલી છે. પણ આ પ્રગતિના જમાનામાં આપણે શાંત રિતે બેશી રહીએ તો સુધરેલી પ્રજાના હાસ્યનું પાત્ર થઇ પડીએ તે વિના પૈસાની બાબતમાં પણ ઘણી થપ્પડ ખાવી પડે એ બાબતનો ઘણા ભાઇઓને અનુભવ થયો હશે. માટે વિદ્યારૂપી સૂર્યનો ઉદય કરી અજ્ઞાનરૂપી અંધકારને દુર કરવા માટે, દરેક માબાપોએ પોતપોતાનાં બાળકોને કેળવણીનો લાભ આપી પોતાની ફરજ અદા કરવી એ માબાપનો મુખ્ય ધર્મ છે. જે માબાપોએ પોતાનાં છોકરાંને વિદ્યા સંપાદન કરાવી નથી તેઓએ બાળકો પ્રત્યેની પોતાની ફરજ અદા કરી નથી એમ કહેવું યોગ્ય કહેવાશે નહિ. વિદ્યા એ મનુષ્યનું અમુલ્ય ધન છે. એ ધનને ચોર ચોરી શકતા નથી અગ્ની બાળી શક્તિ નથી. ઠગારા ઠગી શકતા નથી. તેમ ખરચ કરવાથી ખૂટતું નથી. પણ ઉલટું જેમ વાપરીએ તેમ દીન પ્રતિદીન વધે છે. એટલે એ ધન સર્વે કાળ રહી શકે છે.

(૧૦) કેટલાંક માબાપો પોતાનાં છોકરાંને લૂગડાં ઘરેણાંથી શણગારવામાં અતિશય ખર્ચ કરે છે. પણ તે શોભા કાયમ રહેતી નથી. જ્યારે વિદ્યારૂપી વસ્ત્ર અને જ્ઞાનરૂપી ઘરેણાંથી શણ-ગારશો તો તે શોભા જીંદગી પર્યંત રહેશે.

(૧૧) કેળવણીનો પ્રચાર વધારવા માટે મેહેરબાન નામદાર ખૂદાવંત સરકાર નવાબસાહેબ બહાદુરે "ફ્રી" કેળવણીની શાળાઓ સ્થાપી છે કે જેથી સર્વે જણ કેળવણીનો લાભ લઇ શકે; વળી આપણા ગામે છોકરીઓ માટે એલાહેદી કન્યાશાળા સ્થાપી છે.

આપણી પાછળ પડેલી વર્ણમાં વિદ્યાનો વધારો કરવા કોશીશ કરી રહ્યા છે; માટે તેઓ સરકાર બહાદુરનો આપણે અત્યંત ઉપકાર માની એઓનાં રાજ્યની દીનપ્રતિદીન આબાદી સાથે દિર્ઘાયુષિ થાવ એવી દુઆ ચાહું છું.

(૧૨) આપણા ગામે કેળવણીના ઉત્તેજનાર્થે ગામના જ્ઞાતિ શુભેચ્છેકોએ વિદ્યોતેજકનું મંડળ સ્થાપ્યું છે. એ ફંડથી ગામે અંગ્રેજી કલાસ ખોલવામાં આવ્યા છે; તેમજ ગરીબ છોકરાંઓને ચોપડીઓ વિગેરેની મદદત કરવામાં આવશે. વળી ફંડ મોટું થવાથી બીજી પણ વ્યવસ્થા (કેળવણીના ઉત્તેજનાર્થે) કરવામાં આવશે. વિદ્યાદાન સૌથી શ્રેષ્ટ છે; તે સર્વ કોઈ જાણો છો. માટે દરેક ગૃહસ્થો આ ફંડમાં શકિત અનુસાર મદદ કરવામાં ચુકશો નહિં એવી મારી નમ્ર વિનંતી છે.

"જગમાં મોટા તેને જન સમાજે જાણવારે" મંડળના કાર્યવાહકોએ સત્ય, સંપ, ક્ષમા અને સમતા રાખી ઈર્ષા, અદેખાઇ, મિથ્યાભિમાનનો ત્યાગ કરી યોગ્યતાને અનુસરતું માન આપી, ફંડમાં દીનપ્રતિદીન વધારો થાય એવી યુકિતથી વર્તવાનું અવશ્ય યાદ રાખવું જોઇએ. આપણા ગામે વિદ્યોત્તેજક મંડળ જે સ્થાપન થયું છે તે અત્યંત સ્તુતિપાત્ર છે. એ મંડળનો પ્રથમ પાયો નાંખનાર મી૰ ભાણાભાઈ વહાલાભાઈ છે કે જેમણે શરૂઆતમાં પોતાના સ્ટાફનાં માણુસોને બોધ આપી શકિત અનુસાર રકમ ભરવા ફરજ પાડી પોતે તથા પોતાનાં સ્ટાફના માણુસો મળી સારી રકમ ફંડમાં જમે આપી હતી. તેમજ હાલ પણ સતત કાળજી પુર્વક મદદ કરતા રહ્યા છે. ચાલુ સાલમાં ભીમપોર કન્યાશાળા માટે સ્કુલનું પાકું મકાન બંધાવ્યું છે. જે આજરોજે ખુલ્લું મુકવાની ક્રીયા થઇ છે જેથી એવા જ્ઞાતિ હિતેચ્છુ વિર પુરૂષને ધન્યવાદ ઘટે છે.

૧૩. વળી નીચે લખેલા ગાર્ડનરીંચ કલકત્તામાં પણ પોતાનાં સ્ટાફના આગેવાન ગ્રહસ્થોની સાહયતાથી ફંડ એકઠું કરી ભીમ પોર કન્યાશાળાં માટે શિક્ષણ આપવા માટે જોઇતું સાહિત્ય જેના નામ.

ખરીદી શાળામાં સ્વાધિન કરવામાં આવ્યાં છે. એવીજ રીતે બીજા જ્ઞાતિ હિતેચ્છુ ગ્રહસ્થોએ કેળવણીનાં કામમાં તન, મન, અને ધનથી (જેને જેવી સગવડો હોય તેવી મદદકરવા ચુકશો નહિ.)